## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, પવિત્ર શ્રાવણ માસમાં દશ રૂપિયા આલો, તમે ઘણાં રૂપિયા જીતશો, તમારા ફાર્મ પાર્ટીમાં રેડ નહી પડે, રેડ પડે તો પણ તમારો ફોટો છાપામાં નહીં આવે...**

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી તમામ યુનિવર્સિટીની માર્ગદર્શક હોવી જોઈએ

## ભારતીય મંડળના સંગઠન મંત્રી મુકુલ કાનિટકરનું ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સ્થાપના દિન પ્રસંગે ધારદાર વક્તવ્ય

## ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી જેવું કામ અન્ય કોઈ યુનિવર્સિટી કરતી નથી : શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

ગાંધીનગર, તા. ૩૧

''ચિલ્ડ્રન યુનિવર્સિટીએ તમામ યુનિવર્સિટી માટે માપદંડ બનવું જોઈએ'' તેવું જણાવતા ભારતીય શિક્ષણ મંડળના સંગઠન મંત્રી મુકુલ કાનિટકરે તેમના પ્રભાવશાળી વક્તવ્યમાં જણાવ્યું હતું કે કેવળ વ્યક્તિત્વનો નહી પરંતુ સમગ્ર સમાજ, રાષ્ટ્ર અને પ્રકૃતિના પણ વિકાસ માટે ઉપયોગી નિવડતા શિખવે તેને શિક્ષણ કહેવાય'' આજે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના ૧૧માં સ્થાપના દિન પ્રસંગે મુકુલ કાનિટકરે ધારદાર વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે શિક્ષણ રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી વિભાવરીબેન દવે, ગુરૂમા સમાનંદ સરસ્વતીજી, રાષ્ટ્રીય મુક્ત વિદ્યાલયના અધ્યક્ષ પ્રો. ચંદ્રભૂષણ શર્મા સહિત આઈઆઈટીઈના કુલપતિ પ્રો. હર્ષદભાઈ પટેલ, કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલા સહિત અનેક શિક્ષણવિદો સહિત શ્રોતાઓ ઉપસ્થિત રહ્યાં હતા.




રાજ્યના શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે ''ચિલ્ડ્રન યુનિવર્સિટી શિક્ષણ, પ્રશિક્ષણ, સંશોધન અને વિસ્તરણ જેવા ચાર આયામો પર કાર્ય કરે છે જે અન્ય કોઈ યુનિવર્સિટી કરતી નથી. સ્વપ્રદ્દષ્ટા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જેનો પાયો નાંખ્યો છે તે ગર્ભધાન સંસ્કાર પ્રક્રિયાથી શરૂ કરીને ઉત્તમ સંતતિનું આહવાન કરે છે અને પ્રત્યેક બાળકને ઉત્તમ મનુષ્ય રૂપમાં સમાજને ચરણે ધરવાનું કામ કરે છે.'' રાજ્ય શિક્ષણમંત્રી વિભાવરીબેન દવેએ કહ્યું હતું કે ''વિશ્વમાં એક પણ દેશમાં મહિલા ધર્મગુરૂ હોતા નથી, જેના પુરુષ શિષ્યો હોય તે માત્ર ભારતમાં જ જોવા મળે છે જે મહિલાઓનું સન્માન છે. જે ગર્ભવતી મહિલાઓએ ટીવી સિરિયલો જુએ છે જેની અસર ગર્ભમાં રહેલા બાળક પર તેવી જ પડે છે.'' આ પ્રસંગે તેમણે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના વિધેયક સમયે ધારાસભ્ય હતા અને સમર્થન આપ્યું હતું તે પ્રસંગની વાતોને વાગોળી હતી અને ગર્ભસંસ્કારને ભારતીય સંસ્કૃતિનું મૂળરૂપ ગણાવ્યું હતું. પ્રો. ચંદ્રભૂષણ શર્માએ જણાવ્યું હતું કે ''વિશ્વમાં ટોપ ૨૦૦ યુનિવર્સિટીનો માપદંડ આપણને નીચા દેખાડવા જ બનાવાયો છે, પરંતુ હકીકત એ છે કે વિશ્વમાં ભારત જ એક માત્ર દેશ

● અનુસંધાન પાના - ૭ પર

# કામધેનુ યુનિવર્સિટી દ્વારા ડભોડા ગામે પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે ૩૦ જુલાઈના રોજ એક દિવસીય પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમના અધ્યક્ષસ્થાને કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એન.એચ. કેલાવાલા ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ સ્થાને સંશોધન નિયામક ડૉ. ડી.બી. પાટીલ, વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. પી.એચ. વાટલીયા ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમમાં ડૉ. ડી.બી. પાટીલે પશુપાલકોને પશુઓમાં મિનરલ મિક્ષ્ચર અને ચરમનાબુદીનું મહત્વ સમજાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. પી.એચ. વાટલીયાએ પશુપાલન થકી મહિલાઓના સશક્તિકરણની વાત કરી હતી અને આવા પ્રશિક્ષણ કાર્યક્રમોનું મહત્વ સમજાવ્યું હતું. વધુમાં તેમણે ગુજરાતના ડેરી વિકાસમાં પશુપાલકોના યોગદાનની વાત કરી હતી. તેમણે દૂધ ઉત્પાદનમાં વધારો કરવાના વિવિધ પાસાઓ પર ધ્યાન આપવા અને સ્વચ્છ દૂધ ઉત્પાદનનાં મહત્વને લક્ષમાં લેવા પશુપાલકોને આહવાન કર્યું હતું.

આ કાર્યક્રમના અધ્યક્ષ ડૉ. એન.એચ. કેલાવાલાએ પશુપાલકોને જણાવ્યું હતું કે કામધેનુ યુનિવર્સિટી પશુપાલકોના હિત માટે પશુ સારવાર કેમ્પ, શિબિરો, મેળાઓ અને પ્રદર્શનો યોજે છે. વધુમાં તેમને પશુપાલકોને વૈજ્ઞાનિક અભિગમ થકી પશુપાલન વ્યવસાયને નફાકારક બનાવવાની વાત કરી હતી. આ કાર્યક્રમમાં ડૉ. એફ.એમ. કાપડિયાએ પશુ પ્રજનનની સમસ્યાઓ, તેનું નિવારણ અને કૃત્રિમ બીજદાનના ફાયદા વિષે સમજાવ્યું હતું. ડૉ. એમ.બી. રાજપૂતે આદર્શ પશુ રહેઠાણ, વ્યવસ્થા અને પશુ માવજત વિષે પશુપાલકોને માર્ગદર્શન આપ્યું હતું. ડૉ. શ્રદ્ધા વેકરીયાએ પશુ પોષણ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં અંદાજિત ૧૭૦થી વધુ પશુપાલક મહિલાઓ ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમનાં અંતે પશુપાલકોને મુંઝવતા પ્રશ્નોનું નિષ્ણાંતો દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું હતું.



**સેન્ટ્રલ યુનિવર્સિટીના એનએનએસ સ્વયંસેવકોનું વડોદરા ગામે સ્વચ્છતા અભિયાન**

ગાંધીનગર ખાતેની સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતના એનએનએસ યુનિટ દ્વારા તાલુકાના વડોદરા ગામ ખાતે એનએનએસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા હતા. એનએનએસ શિબિરમાં શ્રેષ્ઠ ભારત સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતા રેલી અને સફાઈ અભિયાન યોજી વિદ્યાર્થીઓએ ગામ સફાઈ કરી હતી. આ ઉપરાંત સ્વયંસેવકો દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો. એનએનએસના સ્વયંસેવકોએ વડોદરા ગામની પ્રાથમિક શાળામાં નિબંધ લેખન અને વક્તૃત્વ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓ ઉપરાંત ગામમાં ઘરે ઘરેથી ડોર-ટુ-ડોર કચરો ઉઘરાવવાનું કાર્ય કર્યુ હતુ. સ્વચ્છતા રેલી દરમ્યાન સ્વયંસેવકોએ સ્વચ્છતાના મહત્વ અંગેના સુત્રો પોકાર્યા હતા.

# એરફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસો.ની વાર્ષિક વક્તૃત્વ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૩૧

વાયુશક્તિનગર, ગાંધીનગર ખાતે ૩૦મી જુલાઈ, ૨૦૧૯ના રોજ એરફોર્સ વાઈવ્સ વેલ્ફેર એસોસિએશ (ઈ), ૐઊ દક્ષિણ-પશ્ચિમ એર કમાન્ડની દેખરેખ હેઠળ વાર્ષિક વક્તૃત્વ સ્પર્ધા ૨૦૧૯નું આયોજન કરાયું હતુ. ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્ર પ્રદેશમાં આવેલી શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વર્ગોમાં અભ્યાસ કરી રહેલા વાયુદળના સૈનિકોના બાળકો માટે હિંદી ઉપરાંત અંગ્રેજીમાં આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સ્પર્ધાનું ઉદઘાટન AFWWA (R) SWACના પ્રમુખ શ્રીમતિ બલજીત આરોરાએ કર્યુ હતું. સ્પર્ધામાં મોટી સંખ્યામાં કેન્દ્રિય વિદ્યાલય, વાયુદળ અને છહ્વઉઉછ સંગિનીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિવિધ સ્થાનિક સ્કૂલોમાંથી જજને સ્પર્ધામાં આમંત્રણ આપવામાં આવ્યું હતુ. આવા જ એક પ્રતિષ્ઠિત જજ શ્રીમતિ રાની ચૌધરીએ કુમારાવસ્થા દરમિયાન તણાવ નિયંત્રણ અંગે બાળકોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતુ.

૧૨ સ્પર્ધકોએ સમકાલીન વિષયો જેવા કે માનવતા પર કુત્રિમ બુદ્ધિમતાની અસર, યુવાનો માટે સૈન્ય તાલીમનું મહત્ત્વ, રાષ્ટ્રીય આકાંક્ષા વિરૂદ્ધ પ્રાદેશિક આકાંક્ષાઓ વગેરે જેવા વિષયો પર વ્યક્તવ્ય આપ્યું હતુ. તેમણે અભિવ્યક્તિ સ્વતંત્રતા પર નિયંત્રણ, આતંકવાદ અને ત્રાસવાદ વિરોધી કાયદા, સમાજમાં દેખાડાવૃત્તિની વધતી જતી આદતોનો પ્રભાવ અને ઘટી રહેલા આંતર-વ્યકિતત્વ સંબંધો જેવા વિષયો પર પણ કેટલાક શ્રેષ્ઠ વિચારો વ્યક્ત કર્યા હતા.

જેસલમેર એરફોર્સ સ્ટેશનની ધોરણ ૯ની વિદ્યાર્થીની કુમારી આતિકા ફરદોસે હિંદીમાં અને થાણે એરફોર્સ સ્ટેશનની ધોરણ ૧૧ની વિદ્યાર્થીની કુમારી મેગના એમ નાયરે અંગ્રેજી વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યા હતા. હિંદી અને અંગ્રેજી વક્તૃત્વ સ્પર્ધાના બન્ને વિજેતાઓને શ્રીમતિ બલજીત અરોરા દ્વારા ચંદ્રક અને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.







# મહિલા સશક્તિકરણના પંથે અગ્રેસર રાજ્ય સરકાર



## રાજ્યભરમાં ૧લી ઓગસ્ટથી મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી

| ઓગસ્ટ | વિષય |
|---|---|
| ૧લી | મહિલા સુરક્ષા દિવસ |
| ૨જી | બેટી બચાવો બેટી પઢાઓ |
| ૩જી | મહિલા સ્વાવલંબન દિવસ |
| ૪થી | મહિલા નેતૃત્વ દિવસ |
| ૫મી | મહિલા આરોગ્ય દિવસ |
| ૬ઠ્ઠી | મહિલા કૃષિ દિવસ |
| ૭મી | મહિલા શિક્ષણ દિવસ |
| ૮મી | મહિલા સ્વચ્છતા જાગૃતિ દિવસ |
| ૯મી | મહિલા કલ્યાણ દિવસ |
| ૧૦મી | મહિલા બાળ પોષણ જાગૃતિ દિવસ |
| ૧૧મી | મહિલા કર્મયોગી દિવસ |
| ૧૨મી | મહિલા કાનુની જાગૃતિ દિવસ |
| ૧૩મી | શ્રમજીવી મહિલા દિવસ |
| ૧૪મી | શારીરિક સૌષ્ઠવ દિવસ |

ગુજરાતે નારી સશક્તિકરણથી 'નારી તું નારાયણી' ચરિતાર્થ કરી દેશને નવો રાહ ચીંધ્યો છે.
- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી

રાજ્યની દરેક મહાનગરપાલિકા, નગરપાલિકા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, ગ્રામ પંચાયત ખાતે મહિલા સશક્તિકરણના કાર્યક્રમોનું આયોજન

મહિલાઓના આર્થિક સશક્તિકરણ, સુરક્ષા અને સ્વાસ્થ્ય માટે સરકારે અનેક પગલાં લીધા છે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર